

## રેલવે ફાટકેથી જુનુ હાઈટ બેરિયર હટાવાયું

વાવોલના રેલવે ફાટકે નવું મજબૂત હાઈટ બેરિયર બનાવ્યું હોવાથી જુનું હાઈટ બેરિયર હટાવવાનીકામગીરી હાથ ધરાઈ હતી. જુના બેરિયરને ગેસ કટર દ્વારા કાપીને ક્રેઈનથી ઉંચકીને હટાવાયું હતું. આ માટે થોડીક વાર રેલવે ફાટકને બંધ કરાયું હતું. જો કે વાહન ચાલકો પણ એક તરફ ઉભા રહીને આ કાર્યવાહી જોવામાં મશગુલ થઈ ગયા હતા. (તસવીર : સમીર રામી)

# સેક્ટર-૯માં કોસ્ટગાર્ડ કમાન્ડન્ટના બંગલે ઘરફોડ ચોરી કરનાર બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં તસ્કરોએ આતંક મચાવી મુક્યો છે ત્યારે ગાંધીનગરમાં તસ્કરરાજને ડામવા ડીએસપીની સુચનાથી એલસીબીની ટીમ તે દિશામાં દોડી રહી છે. દરમિયાન ગઈ કાલે પોલીસની ટીમ ચ-૩ સર્કલે ઉભી હતી. તેટલામાં બાઈક પર ડબલ સવારી નીકળેલા શખ્સોએ પોલીસ જોઈને તરત બાઈક પાછુ વાળી ડેટા પોલીસને શંકા ગઈ અને તે બંનેને પકડી તલાશી લીધી હતી. તે બંને પાસેથી ચોરીના દાગીના તથા કેમેરા અને ડોલર મળી આવતા બંનેને ઉપાડી એલસીબી ઓફીસ લઈ જવાયા હતા અને પૂછતાછ કરતા સે-૯માં રહેતા કોસ્ટગાર્ડ કમાન્ડન્ટના મકાનમાં દશેક દિવસ પહેલા થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાઈ ગયો છે. સે-૯ માં સર્વન્ટ ક્વાર્ટર્સમાં જ રહેતા શખ્સે ઘરફોડને અંજામ આપ્યો હતો.

શહેરના સે-૯ ખાતે સ્થિત જી-૧ ટાઈપ માં મકાન નં.૨૫૧માં રહેતા -શાંતભાઈ પોપટરાવ ગોજરે ઉદ્યોગભવન ખાતે આવેલી કોસ્ટગાર્ડ ઓફિસમાં કમાન્ડન્ટ તરીકે ફરજ બજાવે છે. તેમના બંધ મકાનને ઘરફોડીયાઓએ નિશાન બનાવી મકાનની દિવાલમાં નાનકડું વેન્ટીલેટર જેટલું બાકોરું પાડીને દશેક દિવસ પહેલા તસ્કરોએ તિજોરીમાં હાથ માર્યો હતો. ઘરફોડિયાઓ ચાંદીની ૮ જોડી પાયલ, ૮ ચાંદીના સિક્કા સહિતના દાગીના, મોબાઈલ, કમરબંધ, ૪૫ અમેરિકન ડોલર અને રોકડા રૂ.૧૩,૮૦૦ મળીને કુલ રૂ.૬૦,૨૦૦ ની મત્તા સાફ કરી ગયા



હોવા અંગે સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. એલસીબી પી.આઈ આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમ ગઈ કાલે ચ-૩ સર્કલ પાસે ઉભી હતી ત્યારે પોલીસને જોઈને એક બાઈક પર ડબલ સવારી આવેલા શખ્સોએ તાત્કાલિક બાઈક પાછુ વાળ્યુ હતું. શંકાને આધારે બંનેનો પીછો કરીને પકડી લઈ તલાશી લેતા તેમની પાસેથી દુરબીન, ત્રણ કેમેરા, દાગીના, ૩૭ ડોલરની નોટો મળી આવી હતી. આ મુદ્દામાલ અંગે સઘન પૂછપરછ કરતા સે-૯ માં કમાન્ડન્ટને ત્યાં થયેલી ઘરફોડ તેમણે કરી હોવાની કબુલાત કરી લીધી છે. પોલીસે ખેડાના ઠાસરા વિસ્તારનો મૂળ વતની અને હાલ સે-૯ છ-ટાઈપ, બ્લોક નં.૧૦૮/૨ માં રહેતો રાઠોડ ભુપેન્દ્ર ઉર્ફે ભોલુ અજીતસિંહ અને તેના બાઈક પાછળ ચોરીનો માલ ભરેલી બેગ લઈને બેસેલો મૂળ પાલજ ગામનો અને હાલ સે-૯ બ્લોક નં.જી.બી/૩૦ સર્વન્ટ ક્વાર્ટસમાં રહેતા અવિનાશ ઉર્ફે મોન્ટુ છગન રાવળની ધરપકડ કરી ડી પૂછપરછ હાથ ધરી છે. ફરિયાદમાં લખાયેલી રકમ કરતા વધુ મુદ્દામાલ જપ્ત થતા અન્ય ચોરીના ભેદ ઉકેલાય તેવી શક્યતા પણ નકારી શકાય નહિ.

# સરકારના બેવડા ધોરણોથી કર્મચારીઓની પડી રહેલી હાલાકી

### છેલ્લા બે વર્ષથી સરકાર દ્વારા સી.સી.સી. પરીક્ષા લેવામાં આવતી નથી અને જે કર્મચારીઓ પરીક્ષાથી વંચિત છે તેમના પગાર લાભો રદ કરવામાં આવે છે

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત સરકાર દ્વારા છેલ્લા બે વર્ષથી સી.સી.સી. પરીક્ષા લેવાનું બંધ કરવામાં આવ્યું છે. આઈ.ટી.આઈ. અને જી.ટી.યુ. માં પરીક્ષા ફોર્મ ભરવા છતાં ગુજરાત સરકારને કયાં દુખે છે તેનો ખ્યાલ આવતો નથી. એક બાજુ સરકારી કર્મચારીઓ માટે સી.સી.સી. પરીક્ષા ફરજીયાત કરવામાં આવી છે ત્યારે આવા બેવડા ધોરણો કેમ લેવામાં આવે છે.

ગુજરાત સરકારમાં નોકરી મેળવવા માટે સી.સી.સી. અને સી.સી.સી. પ્લસની પરીક્ષા ફરજીયાત કરવામાં આવી છે. ત્યારે સરકાર દ્વારા જ લેવામાં આવતી સી.સી.સી. અને સી.સી.સી. પ્લસ પરીક્ષાની કામગીરી છેલ્લા બે વર્ષથી બંધ કરી દેવામાં આવી છે ત્યારે સરકારી કર્મચારીઓ વિમાસણમાં મુકાયા છે જે લોકો સી.સી.સી. પરીક્ષા પાસ નથી તેઓએ પરીક્ષા માટે આઈ.ટી.આઈ. અને જીટીયુમાં પરીક્ષા માટે પ્રવેશ ફોર્મ ભર્યા છે પરંતુ સરકારને જ આ કર્મચારીઓ વધુ શિક્ષિત બને તેમાં રસ નથી લેવું લાગી રહ્યું છે.

જે અધિકારીઓ સી.સી.સી. પાસ નથી અને નોકરીમાં જોડાયા છે તેઓ પરીક્ષા આપવા માટે કમર કસી રહ્યા છે. પરીક્ષા પાસ થઈ જાય તો કર્મચારીઓનો ફુલ પગાર થઈ જાય અને મોંઘવારીનો માર સહન કરવો ન પડે પરંતુ સરકાર દ્વારા સી.સી.સી. કમ્પ્યુટરની પરીક્ષાની લેબોને ખંભાતી તાળા મારવામાં આવ્યા છે.

સરકારની આળસના કારણે પરીક્ષા લેવામાં આવતી નથી ત્યારે એક બાજુ સરકાર મહેસુલ વિભાગના ૧૭-૬-૧૪ અને ૨૪-૬-૧૪ના પરિપત્ર ક્રમાકં મકમ/૧૦ ૨૦૧૪/૧૪૭૯/ન થી ફિકસ પગારમાં કામ કરતા હોય અને પાંચ વર્ષ પૂર્ણ થઈ ગયા બાદ પગાર ધોરણોન લાભ મળે છે તે તાત્કાલીક ધોરણો રદ કરવાના હુકમો કરવામાં આવ્યા છે. કર્મચારીઓને ફીકસ પગારમાં લેવાના આદેશ કરવામાં આવ્યા છે.

અચ્છે દિનની શરૂઆત ખૂબ જ અચ્છી થઈ છે ત્યારે કર્મચારીઓની કમર મોંઘવારીનો ભાર સહન કરી શકતી નથી ત્યારે આવા પરિપત્રમાં સુધારો કરી કર્મચારીઓને કમ્પ્યુટરની પરીક્ષા પાસ કરવા માટે વિકલ્પ આપવા મહાગુજરાત મોંઘવારી અત્યાચાર, મહીલા સંઘર્ષ સમિતિ ગાંધીનગર દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

# એક વર્ષથી બળાત્કારના ગુનામાં વોન્ટેડ આરોપી એસ.ઓ.જી.એ પકડી પાડ્યો

### વર્ષ-૨૦૧૩માં ઈડરમાં એક યુવતીનું અપહરણ કરીને બળાત્કાર ગુજાર્યો હતો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર રેન્જના સાબરકાંઠા જીલ્લાના ઈડર વિસ્તારમાં ગત વર્ષે એક યુવતીનું અપહરણ કરીને બળાત્કાર ગુજાર્યો હોવા સંદર્ભે સ્થાનિક પોલીસ મથકમાં જે આરોપી સામે ગુનો નોંધાયો હતો તે શખ્સ છેલ્લા એક વર્ષથી ભાગતો ફરતો હતો. આ શખ્સ મહેસાણા જીલ્લાના ધામણવા વિસ્તારમાં આવ્યો હોવાની બાતમી મળતા ગાંધીનગર એસ.ઓ.જી ની ટીમે વોચ ગોઠવીને બળાત્કારના વોન્ટેડ આરોપીની ધરપકડ કરી લીધી છે. આરોપીની ધરપકડ કરીને ઈડર પોલીસને એસ.ઓ.જી એ મોકલી આપ્યો છે.

ગાંધીનગર રેન્જ ડી.આઈ.જી. પી રાજીવ રંજન ભગત તથા ગાંધીનગર ડી.એસ.પી શરદ સિંઘલ દ્વારા નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા ઝુંબેશ રાખવામાં આવી છે. જે અંતર્ગત ગાંધીનગર એસ.ઓ.જી ની ટીમ તે દિશામાં કાર્યરત થઈ છે. દરમિયાન ગાંધીનગર એસ.ઓ.જી પી.આઈ જે.ડી.બ્રહ્મભટ્ટને બાતમી મળી હતી કે છેલ્લા એક વર્ષથી ઈડર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા યુવતીના અપહરણ અને બળાત્કારના ગુનામાં નાસતો ફરતો આરોપી બળવંતસિંહ ઉર્ફે બળદેવજી ઉદાજી રાઠોડ રહે.લાકરોડા, તા. માણસા જી.ગાંધીનગર મહેસાણાના વિસનગર ખાતે આવેલા ધામણવા ખાતે છે. તેને આધારે તાપસ કરીને એસ.ઓ.જી પી.આઈ ની સુચનાથી પી.એસ.આઈ ઉત્સવ બારોટ તથા તેમની ટીમે વોન્ટેડ આરોપીની ધરપકડ કરી લીધી છે. એસ.ઓ.જી એ આરોપીની ધરપકડ કરીને ઈડર પોલીસને સોંપી દીધો છે.




અરવિંદ કેન્દ્ર, સેક્ટર-૨૩ ખાતે જ્યોતિ મહિલા મંડળ સંયુક્ત ઉપક્રમે મીનળબેન ઓઝાની પ્રેરણાથી 'રાધા-કૃષ્ણ' ભજનની અનોખી સ્પર્ધા યોજાઈ ગઈ. (તસવીર : કશ્યપ નિમાવત)

# વરૂણદેવને રિઝવવા પર્જન્ય યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ધરતી ઉપર વસતા તમામ જીવોના પ્રાણ પ્રશ્ન સમાન પાણીની સમસ્યા હળવી થાય અને મેઘરાજાની સમયસર પધરામણી થાય તેવા શુભ હેતુથી વરૂણદેવની કૃપા અર્થે દર વર્ષની જેમ આ વર્ષે પણ વેસ્ટર્ન એગ્રી સીડસ લી., ગાંધીનગર દ્વારા પ્રાત સ્મરણીય પ.પુ. પ્રાગદાસ બાપા ગોદડીયાના અસીમ આશીર્વાદથી અગિયારમો પર્જન્ય યજ્ઞ (વરૂણ દેવ યજ્ઞ) તા. ૩૦ સોમવારના રોજ સરસ્વતી સીડ ફાર્મ વેસ્ટર્ન સીડ એગ્રી રીસર્ચ ફાર્મ, ગાંધીનગર માણસા રોડ, મુ. ધોળાકુવા જી. ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે.

ચોમાસુ ખેંચાવાના કારણે સામાન્ય માનવી અને ખેડૂતોને મુશ્કેલી ભોગવવાનો વારો આવ્યો છે. ખેડૂતોનો પાક સુકાઈ રહ્યો છે અને નગરનો માનવી ગરમીમાં આકુળવ્યાકુળ થઈ રહ્યો છે. ત્યારે વેસ્ટર્ન એગ્રી સીડ્સ દ્વારા વરૂણદેવને રીઝવવા માટે પર્જન્ય યજ્ઞ કરવામાં આવશે. તા. ૩૦ જૂનના રોજ સવારે ૯.૦૦ વાગે યોજવામાં આવશે. યજ્ઞની પૂર્ણાહુતિ સાંજે ૪.૦૦ કલાકે કરવામાં આવશે. ત્યારબાદ પ્રસાદ લેવામાં આવશે. આ પ્રસંગે યજ્ઞનો લાભ લેવા એન.પી. પટેલ અને વેસ્ટર્ન પરિવાર દ્વારા જાહેર જનતાને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# આજથી અમદાવાદ ખાતે પ્રદેશ કોંગ્રેસની ચિંતન શિબિર આરંભાશે

ગાંધીનગર, તા. ૨૭

લોકસભાના પરિણામો બાદ કોંગ્રેસ પક્ષના સંગઠનના આગામી કાર્યક્રમો અને ભવિષ્યની રૂપરેખા અંગે વિચાર મંથન માટે ગુજરાત કોંગ્રેસ દ્વારા તા. ૨૮-૨૯ જૂન દરમિયાન બે દિવસીય ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આંતરિક સંગઠનને મજબુત કરવાની કવાયત હાથ ધરવામાં આવશે.

આ શિબિરમાં લોકસભાના પરિણામો અપેક્ષાથી ઘણા વિપરીત હતા ત્યારે ફરીથી કોંગ્રેસ પક્ષનું સંગઠન વધુ અસરકારક બને તે માટે તમામ પાયાની ચર્ચા કરવા માટે બે દિવસીય શિબિર યોજાશે. જેમાં સમગ્ર રાજ્યમાંથી ૩૭૫ જેટલા ડેલીગેટો, ધારાસભ્યો, ઉમેદવારો, શહેર જિલ્લા-કોંગ્રેસના પ્રમુખ સહિતના આગેવાનો જોડાશે. સંગઠનની ઉણપો, લોકસંપર્ક, બુથ, કમિટિ, કોંગ્રેસ કાર્યકરોને તાલીમ, સભ્ય નોંધણી સહિત અનેક મુદ્દાઓ અંગે ખુલ્લા મને ચર્ચા વિચારણા કરીને આંતરીક સંગઠનને મજબુત કરવાની કવાયત કરવામાં આવશે. તેમ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતુ.

આ બે દિવસીય ચિંતન શિબિરના પ્રથમ દિવસે કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ અગ્રણી મનુભાઈ પટેલ ચાવીરૂપ સંબોધન કરશે. કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારી ગુરૂદાસ કામત વિશેષ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

# ગાંધીનગર આર.આર સેલે શામળાજી પાસેથી દારૂ ભરેલી ટ્રક પકડી

### પોલીસે ટ્રક અને દારૂ સહિત ૩૦ લાખથી વધુના મુદ્દામાલ સાથે એકની ધરપકડ કરી

ગાંધીનગર, તા.૨૭

આર.આર. સેલ ગાંધીનગર રેન્જની ટીમે બાતમીના આધારે શામળાજી હાઈ-વે પરથી ટ્રકમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. પોલીસ રૂ.૩૦ લાખથી વધુનો મુદ્દા માલ કબજે લઈ એક આરોપીની ધરપકડ કરી હતી.

રથયાત્રા તહેવારને અનુલક્ષી રાજસ્થાન તરફથી આવતો ગેરકાયદેસર વિદેશી દારૂ ગુજરાતમાં લાવવામાં ન આવે તે માટે પેટ્રોલિંગ કરી રહેલા આર.આર. સેલ ગાંધીનગર રેન્જના પી.એસ.આઈ. એલ.પી.બોડાણાને બાતમી મળી હતી જે બાતમીના આધારે ટીમ સાથે વોચમાં રહી પી.એસ.આઈ.એ શામળાજી પાસેથી પસાર થતી ટ્રક નં. એચ.આર. ૬૧-બી ૪૧૦૨નેરોકી તેમાં તપાસ હાથ ધરી હતી. ટીમે ટ્રકમાં ઘરવખરીના સામાન વચ્ચે રહેલ વિદેશી દારૂનો જથ્થો પકડી પાડયો હતો. પોલીસે ૩૯૩૬ નંગ વિદેશી દારૂની બોટલ એક મોબાઈલ અને ટ્રક મળી કુલ રૂ. ૩૦,૭૫,૪૦૦નો મુદ્દામાલ કબજે કરી ટ્રક ચાલક બલવાન હવાસિંહ ઘાતક (રહે. પીટોડી હરિયાણા)ને ઝડપી પાડી તેના વિરુદ્ધ શામળાજી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## આજે ગાંધી મિત્ર વર્તુળની માસીક બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૭

આજે તા. ૨૮ જૂનના રોજ સાંજના ૫.૦૦ કલાકે અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાને ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૨ ખાતે ગાંધી મિત્ર વર્તુળની તમામ સભ્યો તેમજ જાહેર રસ ધરાવતા મિત્રોએ ઉપસ્થિત રહેવા સંસ્થાના સંયોજક શ્રી ભાનુભાઈ પુરાણીએ જાણવા જોગ અખબારી યાદીમાં જણાવ્યું છે.



## બસ ખોટકાઈ પડતા મુસાફરો અટવાયા

આજે ચિલોડા પાસે બાલાસિનોરથી ગાંધીનગર આવી રહેલી એક એસટી બસમાં ગેસ પુરો થઈ જવાથી બંધ પડી જવા પામી હતી. આ બસનો લગભગ સવારે દસ વાગે ગાંધીનગર પહોંચવાનો ટાઈમ હોઈ આ બસમાં અનેક નોકરિયાતો અને કોલેજના વિદ્યાર્થીઓ નિયમિતપણે અપડાઉન કરે છે. વળી ખેડા જિલ્લાના અંતરિયાળ વિસ્તારને પાટનગરથી જોડતી હોવાથી અનેક મુસાફરો પણ આ બસમાં સવાર હતા. આ તમામ મુસાફરો આજે અધવચ્ચે અટવાઈ પડ્યા હતા. નિયમિત મુસાફરો સાથેની વાતચીતમાં માલુમ પડ્યું હતું કે આ બસ અવારનવાર રસ્તામાં ખોટવાઈ જાય છે અને ઘણીવાર અપડાઉન કરતા લોકોને હેરાન થવું પડે છે. છતાં એસટી તંત્ર દ્વારા બસને બદલવાની કે મરામત કરાવવાની તસ્દી લેવાતી નથી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૮
સૂર્યાસ્ત : ૭.૨૭

## તાપમાન

મહત્તમ : ૩૯.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૩ ટકા ● સાંજે ૩૭ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
એક વિલન : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
હમશકલ : ૩.૪૫, ૧૦.૦૦
એક વિલન : ૧૨.૩૦
: સ્ક્રીન-૩ :
ટ્રાન્સફોર્મર (૩ડી) (અંગ્રેજી) ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫
એક વિલન : ૧૦.૦૦
સ્ક્રીન-૪ :
એક વિલન : ૧૦.૦૦
હોલીડે : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
એક વિલન : ૧૦.૦૦
હોલીડે : ૧.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૫૦, ૭.૧૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૮.૧૫, ૧૧.૩૦, ૯.૨૦
હમશકલ : ૨.૫૦
હોલીડે : ૬.૦૦
: સ્ક્રીન-૩ :
એક વિલન : ૮.૪૫, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
એક વિલને : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
એક વિલન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હમશકલ : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
એક વિલન : ૪.૧૫

## આપની આજ

**મેષ** : સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

**વૃષભ** : ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છએ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**મિથુન** : ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે.

**કર્ક** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થસે. વ્યાપાર-દૈનિક રોજગારમાં વિશેષ લાભનો યોગ બની રહ્યો છે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

**સિંહ** : શુભ ફળ પ્રાપ્ત થશે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. બહારનાં ક્ષેત્રોની યાત્રા દરમ્યાન સાવધાની રાખવી, રોગ, ઋણ સંબંધી કાર્યોમાં સંયમ રાખવું.

**કન્યા** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યમાં સક્રિય ભાગીદારી રહેશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થવાની શકયતાઓ છે.

**તુલા** : ન્વ્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

**વૃશ્ચિક** : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

**ધન** : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે. ગૂઢ કાર્યોમાં શોધનો યોગ.

**મકર** : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

**કુંભ** : પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

**મીન** : પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા-પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. દિપકભાઈ ભાઈશંકરભાઈ પંડ્યા (ઉ.વ. ૬૦) પ્લોટ નં. ૬૭૬/૧, સેક્ટર-૫બી, ગાંધીનગર.
- સ્વ. રમીલાબેન વિકાજી ઠાકોર (ઉ.વ. ૬૦) પ્લોટ નં. ૫૨૪/૧, સેક્ટર-૨૬, કિસાનનગર, ગાંધીનગર.